અપીલ અરજી નં.૨૩૦ તા.૧૧–૧૧–૦૮

અરજદાર: સુરત મહાનગરપાલિકા ટેકનીકલ સ્ટાફ મંડળ
સામાવાળા: ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી ,

**હુકમ:–**

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ સુરત મહાનગરપાલિકા ટેકનીકલ સ્ટાફ મંડળની તા.૧૦–૧૦–૦૮ ની અરજીથી (૧) છેલ્લા દસ વર્ષમાં કેટલા કર્મચારીઓને સસ્પેન્ડ (ફરજ મોકુફી હેઠળ) કરવામાં આવ્યા? તેના નામ,હોદ્દા તથા ફરજ મોકુફી હેઠળ મૂકવાનાં કારણો સહિતની વિગત (૨)છેલ્લા દશ વર્ષમાં ફરજ મોકુફી હેઠળ મુકવામાં આવેલ કર્મચારી અધિકારી પૈકી કેટલાને ઈન્કવાયરી /તપાસ પેન્ડીગ રાખી ફરજ પર હાજર કરવામાં આવ્યા? તેઓને કેટલા સમય સુધી ફરજ મોકુફી હેઠળ રાખ્યા અને કયા કારણોસર ઈન્કવાયરી પેન્ડીગ રાખી ફરજ પર પરત હાજર કર્યા તેની સંપૂર્ણ વિગત આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૧–૧૧–'૦૮ ની અપીલ અરજી નં.૨૩૦/૨૦૦૮–૦૯

સુરત મહાનગરપાલિકા ટેકનીકલ સ્ટાફ મંડળની તા.૧૦–૧૦–૦૮ ની અરજીથી (૧) છેલ્લા દસ વર્ષમાં કેટલા કર્મચારીઓને સસ્પેન્ડ (ફરજ મોકુફી હેઠળ) કરવામાં આવ્યા? તેના નામ,હોદ્દા તથા ફરજ મોકુફી હેઠળ મૂકવાનાં કારણો સહિતની વિગત (૨)છેલ્લા દશ વર્ષમાં ફરજ મોકુફી હેઠળ મુકવામાં આવેલ કર્મચારી અધિકારી પૈકી કેટલાને ઈન્કવાયરી /તપાસ પેન્ડીગ રાખી ફરજ પર હાજર કરવામાં આવ્યા? તેઓને કેટલા સમય સુધી ફરજ મોકુફી હેઠળ રાખ્યા અને કયા કારણોસર ઈન્કવાયરી પેન્ડીગ રાખી ફરજ પર પરત હાજર કર્યા તેની સંપૂર્ણ વિગત આપવા બાબતે નિયત સમય મર્યાદામાં કોઈ પ્રત્યુત્તર આપેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૧–૧૧–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આટીઆઈ સેલ/૭૯૨ તા.૧૯–૧૧–૦૮ થી ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મહેકમને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી મુદ્દા નં.૧ ની માહિતી જાવક નં.જીએડી/ઈએસટી/૩૬૬૯ તા.૨૪–૧૧–૦૮ થી અત્રેના વિભાગને મળેલ છે. જયારે મુદ્દા નં.૨ અંગે ખાતાકીય તપાસ અધિકારી અને મ. જાહેર માહિતી અધિકારી તરફથી નં.જીએડી/ઈએસટી/આઈ/૭૨૦ તા.૨૫–૧૧–૦૮ થી અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારે તેમની મુળ અરજીમાં (૧) છેલ્લા દસ વર્ષમાં કેટલા કર્મચારીઓને સસ્પેન્ડ (ફરજ મોકુફી હેઠળ) કરવામાં આવ્યા? તેના નામ,હોદ્દા તથા ફરજ મોકુફી હેઠળ મૂકવાનાં કારણો સહિતની વિગત (૨)છેલ્લા દશ વર્ષમાં ફરજ મોકુફી હેઠળ મુકવામાં આવેલ કર્મચારી અધિકારી પૈકી કેટલાને ઈન્કવાયરી /તપાસ પેન્ડીગ રાખી ફરજ પર હાજર કરવામાં આવ્યા? તેઓને કેટલા સમય સુધી ફરજ મોકુફી હેઠળ રાખ્યા અને કયા કારણોસર ઈન્કવાયરી પેન્ડીગ રાખી ફરજ પર પરત હાજર કર્યા તેની સંપૂર્ણ વિગત આપવા જણાવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી મહેકમ તરફથી મુદ્દા નં.૧ બાબતે પત્ર નં.જીએડી/ઈઅસેટી/૨૮૭૭ તા.૧૭–૧૦–૦૮ થી માંગેલ માહિતી અને દસ્તાવેજો માટે ૧૪૦ નકલ માટે રૂ.૨૮૦/– જમા કરી જરૂરી દસ્તાવેજોની નકલો મેળવવા અરજદારને જાણ કરવામાં આવેલ. જયારે મુદ્દા નં.૨ બાબતે ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (ઈન્કવાયરી) ના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૬૯૯ તા.૧૯–૧૧–૦૮ થી માંગેલ માહિતી પેટે સરકારશ્રીના વખતોવખતના ઠરાવો પરીપત્રોને અનુલક્ષી ગુણદોષ તપાસી પુનઃ સ્થાપીત કરતા હોવાની માહિતી સાધનિક ઠરાવના પાન ૧૩ ની નકલ સહિત મોકલી આપ્યાનું જણાવેલ છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

:

" અરજદારની તા.૧૦–૧૦–૦૮ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૧ અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી જરૂરી દસ્તાવેજી ફી ભરી અરજદારે માહિતી મેળવી લેવા જણાવવામાં આવે છે જયારે મુદ્દા નં.૨ અંગે જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પાડવામાં આવેલ હોઈ અપીલ અરજી અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

નં.આરટીઆઈ સેલ/૮૮૨
તારીખ : ૧૬–૧૨–૦૮.

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર,**
**સુરત મહાનગરપાલિકા.**

**પ્રતિ**
(૧) ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મહેકમ).......જાણ તથા અમલ માટે.
(૨) સુરત મહાનગરપાલિકા ટેકનીકલ સ્ટાફ મંડળ ,૭૬, જોગાણી નગર–૧,પાણીની ટાંકી સામે, ન્યુ. રાંદેર રોડ સુરત...તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતેના હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂં.